# વડોદરાના મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, ટ્રાફિક કોર્ટ સમક્ષ

GJVD020750752026

| | | |
|---|---|---|
| **ફોજદારી કેસ નંબર** | **::** | **૭૧૬૬૫/૨૦૨૬** |
| **આંક** | **::** | |

| | |
|---|---|
| **ફરીયાદઃ–** | **શ્રીસરકાર** |

–:: વિ રુ ધ્ધ ::–

| | |
|---|---|
| **આરોપીઃ–** | **પરાગ પુંજાલાલ ચૌહાણ**<br>રહે. મ.નં.૩૪ ચાણકયપુરી સોસાયટી, આકાશગંગા એપાર્ટમેન્ટની બાજુમાં ડમરૂ સર્કલની પાસે, સેકટર–૬ ઘાટલોડીયા અમદાવાદ |

**ગુન્હોઃ પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી),૮૫(૧)(૩) તથા એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબ**

## –:: ચુ કા દો ::–

(૧) આ કામે ફરીયાદપક્ષ તરફે આરોપી વિરુધ્ધ **પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી),૮૫(૧)(૩) તથા એમ.વી.એકટની કલમ–૧૮૫** મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આ કામે ચાર્જશીટ રજુ થતાં **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ**–૨૧૦ (૧)(બી) પ્રમાણે આરોપી સામે ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ**–૨૨૭ અન્વયે સમન્સ ઈસ્યુ કરવામાં આવતાં, આરોપી આ અદાલત સમક્ષ હાજર થયેલ છે. **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ**–૨૩૦ મુજબ આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો પુરી પાડવામાં આવેલ છે, ત્યાર બાદ **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ**–૨૭૪ અન્વયે આરોપી વિરુધ્ધ તહોમતનામું ફરમાવી, આરોપીની પ્લી રેકર્ડ કરતા, પોતે ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે અને કબુલાત પુરશીસ રજુ કરી, આરોપીએ સ્વૈચ્છાએ ગુનો કબુલ હોવાની હકીકત જણાવેલ છે અને વિશેષમાં જણાવે છે કે, તેઓ ગરીબ ઈસમ છે, છુટક મજુરી કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે તેમજ તેઓએ દારુ પીધેલી હાલતમાં કોઈ સાથે ખરાબ વર્તન કે, ઝઘડો કરેલ

નથી, સદરી ગુન્હો પ્રથમ વખતનો ગુન્હો છે, તેઓ તેમની ભુલ સુધારવા માંગે છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઇ ગુનાહિત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે.

(૩) ઉપરોકત હકીકત તેમજ હાલના આરોપીનું નિવેદન ધ્યાને લેતાં, આરોપીની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. કોઇએ આરોપીને કોઇ લાલચ કે, પ્રલોભન આપેલ નથી, ગુનાની સજાની જોગવાઈ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે, તેમ છતાં, પોતે સ્વૈચ્છિક કબુલાત કરતાં હોઇ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવેલ છે. આમ, આરોપીની રજુઆત તેમજ તેની સામાજીક અને આર્થિક સ્થિતિ અને કેસના જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે, તે તમામ હકીકતને ધ્યાને લેતાં, આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કિસ્સો જણાય છે અને આ બાબતે **જી.એલ.આર. ૨૦૦૫ નામદાર માનવંત ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિ.સ્ટેટ.**નો ચુકાદો ધ્યાને લેતાં, આરોપીને આવા કિસ્સામાં ન્યુનતમ સજા કરતાં, પણ ઓછી સજા કરી શકાય તેમ જણાતું હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

# –:: હુ ક મ ::–

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૬૪** અન્વયે આ કામના આરોપીને **પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી),૮૫(૧)(૩) તથા એમ.વી.એકટની કલમ–૧૮૫** મુજબના ગુનામાં સંયુકત રીતે તકસીરવાન ઠરાવી **રૂા.૧૫૦૦ /–(અંકે રૂપિયા એક હજાર પાંચ સો પુરા)**નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો **દિન–૦૩** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અગાઉ કોઇ હુકમ થયેલ હોય તો કાયમ કરવામાં આવે છે અન્યથા મુળ માલીકની ખરાઈ કરી મુળ માલીકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.**૧૪** માહેઃ **માર્ચ** સનેઃ **૨૦૨૬** ના રોજ સ્પેશયલ સીટીંગમાં વાંચી, સંભળાવીને જાહેર કર્યો

**તા.૧૪–૦૩–૨૦૨૬**

**વડોદરા**

**(એન.જે. કોઠારી)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**(ટ્રાફીક કોર્ટ), વડોદરા.**
**કોડ નં.જીજે ૦૧૬૪૫**

Received Rs______________
Receipt No.______________
Date :14/03/2026

Head Clerk
J.M.F.C. Traffic Court, Vadodara.